**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૧૯ ટકા

# ગીર ફાઉન્ડેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીનો પ્રારંભ





ગાંધીનગર, તા.૧૯

આગામી ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના માટે કેન્દ્ર સરકાર દ્વારા 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરની પસંદગી કરવામાં આવેલ છે. તે અંતર્ગત તા.૧૮/૦૫/૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે સાબરમતી નદી, સંત સરોવરના ભાગમાં પ્લાસ્ટીક સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રત્યેક વિશ્વ પર્યાવરણ દિવસ એ એક વિષય વસ્તુ સાથે ઉજવવામાં આવે છે જે ખાસ કરીને વિવિધ પર્યાવરણીય પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્ષ ૨૦૧૮ ની વિષયવસ્તુ **"Beat Plastic Pollution"** એટલે કે "પ્લાસ્ટીક પ્રદૂષણને પરાજીત કરીએ" નક્કી કરવામાં આવેલ છે. આપણે કેવી રીતે પ્રકૃતિના વિવિધ ઘટકોને પ્લાસ્ટીકના કચરાથી પ્રદૂષિત કરીએ છીએ તે સમજવાનો અને પ્લાસ્ટિક પ્રદૂષણને અટકાવવા વિશે વિચારવા પ્રેરિત કરે છે. યુ.એન. દ્વારા વિશ્વ પર્યાવરણ દિન વર્ષ ૨૦૧૮ ની ઉજવણી ભારત સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ભારત દેશના યજમાન પદે કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

સંત સરોવર સાબરમતી કિનારે આ વર્ષની થીમ "પ્લાસ્ટીક પ્રદુષણને પરાજીત કરીએ" ને ધ્યાને લઈને યોજાયેલ સફાઈ અભિયાનમાં 'ગીર' ફાઉન્ડેશનના નિયામક શ્રી આર.ડી. કમ્બોજ, નાયબ નિયામક શ્રી ડી.સી. મહેતા, નાયબ નિયામકશ્રી, પર્યાવરણ શિક્ષણ, નાયબ નિયામક શ્રી હેમંત સુથાર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તથા સમગ્ર સ્ટાફ જોડાયેલ હતો. આ ઉપરાંત ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (જી.પી.સી.બી.)ના મેમ્બર સેક્રેટરી શ્રી કે.સી. મીસ્ત્રી તથા તેમનો સ્ટાફ, નેપરા સંસ્થા, અમદાવાદ, સંસ્થાના સ્વયં સેવકો, ગાંધીનગર મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા સફાઈકર્મીઓ, તેમજ ગાંધીનગરના વિવિધ ઓદ્યોગીક એકમો જેવા કે જી.આઈ.ડી.સી., કલ્પતરૂ, પાવર લાઈન્સ સેલ્સ એન્ડ સર્વિસ, સર્કીટ સિસ્ટમ ઈન્ડિયા લી., સહિતના સ્થાનિક સ્વયં સેવકો વગેરે મળી કુલ ૨૦૦ થી વધુ સંખ્યામાં લોકો આ સફાઈ અભિયાનમાં ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. સાબરમતીના બંને કાંઠાના વિસ્તારમાંથી એક ટ્રક જેટલો પ્લાસ્ટીક વેસ્ટ એકત્ર કરવામાં આવેલ હતો.

આ વર્ષ ભારત સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા આ ઉજવણીના ભાગ રૂપે વિવિધ જગ્યાઓ પર પ્લાસ્ટિક પ્રદૂષણ સામે પ્રતિકાર કરવા અને લોકજાગૃતિ કેળવવા માટે દરિયાકાંઠાની સફાઈ, નદીકાંઠાની સફાઈ, મીની મેરેથોન જેવા લોકભાગીદારીના કાર્યક્રમો યોજવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સદર ઉજવણીના ભાગરૂપે 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર સંસ્થાને પોરબંદર, માંગરોળ અને વેરાવળ-સોમનાથ એમ ત્રણ દરિયાકાંઠાના વિસ્તારો અને સાબરમતી તથા તાપી નદી કાંઠાના વિસ્તારોની સફાઈ તેમજ અમદાવાદ ખાતે મીની મેરેથોન યોજવા માટે લક્ષ્યાંક અપાયેલ છે તે ધ્યાને લઈ સંલગ્ન વિભાગો અને પ્રજાજનોનો આ અભિયાનમાં સાથ-સહકાર અને સહયોગ મળી રહે તે માટે અનુરોધ કરવામાં આવે છે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકુલ સમિતિની બેઠક આજે બે કલાકથી પણ વધુ સમય સુધી ચાલી હતી જે એક વિક્રમ સમાન છે.

● ગાંધીનગર નાગરિક બેંકના ડિરેક્ટર ભરત દાઢીના પિતા પ્રોફેસર એચ.ટી. પટેલની અંતિમયાત્રા આજે તેમના વતન કપડવંજ ખાતે સવારે નવ વાગે નિવાસસ્થાનેથી નીકળશે. સ્વ. પ્રોફેસર એચ.ટી. પટેલનું ૧૫મીના રોજ અવસાન થયું હતું.

● જિલ્લામાં આજે જાખોરા ખાતે જળસંચય અભિયાનની મુલાકાત મુખ્ય સચિવશ્રીએ લીધી હતી તો કલોલ તાલુકાના પાનસર ગામે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

# સે-૧૭ લાયબ્રેરીમાં અપૂર્તિ બેઠક વ્યવસ્થા

## યુવાનો લોબીમાં જમીન પર બેસી વાંચવા લાચાર

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૧૭માં સ્થિત રાજય મધ્યસ્થ ગ્રંથાલય (લાયબ્રેરી)માં દરરોજ મોટી સંખ્યામાં સપર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોનો વાંચન માટે ભારે ધસારો થઈ રહ્યો છે ત્યારે લાયબ્રેરીમાં અપૂર્તિ સીટીંગ વ્યવસ્થાના અભાવે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દરરોજ યુવાનોને ભીડ ભાડમાં બેસવું પડે છે જયારે કેટલાક યુવાનો એ તો રીતસર કાળઝાળ ગરમીમાં લાયબ્રેરીની લોબીમાં જમીન પર બેસીને વાંચવાનો વારો આવે છે. આથી યુવાનોમાં રોષ ફેલાયો છે અને લાયબ્રેરીમાં તાત્કાલિક ધોરણે પૂરતી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સ્થિત સેકટર-૧૭માં આવેલી રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં મોટી સંખ્યામાં દિન પ્રતિદિન સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાન યુવતીઓ વાંચવા માટે આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી નોકરી મેળવા માટે તત્પર બનેલા યુવાનો આ લાયબ્રેરીમાં જ વાંચવાનું પસંદ કરે છે. પરિણામે યુવાનોનો લાયબ્રેરીમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. સવારે તો લાયબ્રેરીમાં બેસવા માટે રીતસરની તુ..તુ...મે..મે.. થઈ જાય છે વાંચવા માટે આવતા યુવાનોની સંખ્યા સામે હાલ લાયબ્રેરીમાં બેઠક વ્યવસ્થા અપૂર્તિ હોવાથી યુવાનોએ ના છુટકે લાયબ્રેરીની લોબીમાં જમીન પર બેસી વાંચવાનો વારો આવ્યો છે. કાળઝાળ ગરમીમાં પણ ચૂપચાપ વાંચતા અને આરામ કરતા નજરે પડે છે. લાયબ્રેરીના અધિકારીઓ આ પરિસ્થિતિથી સંપૂર્ણ પણે વાકેફ છે પરંતુ લાયબ્રેરીમાં ગ્રાન્ટ ન હોવાથી તેઓ પણ આ પરિસ્થિતિનો ઉકેલ લાવવામાં લાચાર બની ગયા છે. અધિકારીઓએ આ મામલે અનેક વાર ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત કરી છે પરંતુ ઉચ્ચ કક્ષાએ આ સમસ્યાની કોઈ દરકાર લેવા પણ તૈયાર નથી. સરકાર શિક્ષણ પાછળ લાખો રૂપિયાનું બજેટ ખર્ચે તો બજેટ જાય છે કયાં તે પણ એક ગંભીર પ્રશ્ન છે. સરકાર આ મામલે ગંભીર બની સત્વરે લાયબ્રેરીની બેઠક વ્યવસ્થામાં વધારો કરી નવું ફર્નચીર મુકે તેવી વાંચન માટે આવતા યુવાનો માંગ કરી રહ્યા છે.

# કલ્પતરૂ પરિવારના બાળકો માટે રોબોટીક વિષય પર ટ્રેનીંગ યોજાઈ




ગાંધીનગર, તા.૧૯

કલ્પતરૂ પાવર ટ્રાન્શમીશન લી. દ્વારા દર વર્ષે કલ્પસેતુ કમીટી મેમ્બર્સ દ્વારા કલ્પતરૂના કર્મચારીઓના પરિવાર માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં તેમના સ્કીલ ડેવલપમેન્ટ કવીઝ કોન્ટેસ્ટ, સ્પોર્ટસ પ્રવૃતિ, અભ્યાસને લગતી પ્રવૃતિઓ ચિત્ર સ્પર્ધા, ક્રાફટ મેકીંગ અને ફેશન ડિઝાઈનીંગ, પ્રવાસ વગેરે કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કર્મચારીઓના બાળકો માટે ઉનાળા વેકેશનમાં સમર કેમ્પ દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજાયો છે. સુજાતા મોહનોતના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સમર કેમ્પમાં ધોરણ-૩ થી ૧૦ માં ભણતા ૩૦ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. જેમાં બાળકોના વ્યકિતગત વિકાસ, પબ્લીક સ્પિકીંગ, યોગ અને પ્રાણાયામ, આર્ટ એન્ડ કાફ્ટ, ડાન્સ, પોટ પેન્ટીંગ, ટીશર્ટ પેન્ટીંગ, ગાર્ડનીંગ, અને પ્લાન્ટેશન વગેરે વિષય પર બાળકોને માર્ગદર્શન તથા પ્રેકટીકલ વર્ક કરાવવામાં આવે છે. આ સમર કેમ્પના અંતિમ દિવસે બાળકોએ જે વર્ક કર્યુ હોય છે તેનું પ્રદર્શન પણ રાખવામાં આવે છે. તેમજ ગ્રુપ ડાન્સ, પબ્લીક સ્પિકીંગનો પ્રોગામ કર્મચારી સામે પ્રસ્તુત કરવામાં આવે છે.

આ વખતના સમર કેમ્પમાં રોબોટીક અને લોજીક બિલ્ડીંગ વિષય પર એક દિવસીય ટ્રેનીંગનું આયોજન કરાયું હતું. જેમાં મુંબઈના પાંચ જેટલા બાળકોએ રોબોટ કેવી રીતે બનાવવો અને તેનો ઉપયોગ કઈ રીતે કરવો તેની સવિસ્તાર માહિતી આપી હતી. મેટ્રોસીટીની શાળાઓમાં રોબોટીકસનું શિક્ષણ આપવામાં આવે છે ત્યારે ગુજરાતની શાળાઓમાં પણ આ વિષયને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવે તો વિદ્યાર્થીઓ રોબોટ વિશે સરળતાથી સમજી શકે. રોબોટ બનાવવા અને તેના ઉપયોગ અંગે ભારત ઘણુ આગળ વધી રહ્યું છે. મુંબઈના વિદ્યાર્થીઓ અને રોબોટીક ક્ષેત્રના યશીશ મોહનોત, જય જરીવાલા, આરવ પરિખ, શિવ મહેતા તેમજ આયુષ શાહે રોબોટ વિશે માહિતી સાથે પ્રેકટીકલ નોલેજ પણ વિદ્યાર્થીઓને પુરું પાડ્યું હતું.

## ભીમ સૈનિક સ્વ. ભરતસિંઘ ચૌધરીની શ્રધ્ધાંજલિ સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર ગુજરાતના મહામંત્રી તરીકેની અવિરત સેવા આપનાર વીર ભીમ સૈનિક ભરતસિંઘ ચૌધરીના અવસાન નિમિત્તે ગાંધીનગરમાં શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ભરતસિંઘ ચૌધરીના અવસાન સંદર્ભે આગામી ૨૧મી મે ૨૦૧૮ના રોજ ગાંધીનગર સ્થિત સેકટર-૧૨ના ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે સાંજે ૫ થી ૮ કલક દરમિયાન શ્રધ્ધાંજલિ સભાનો કાર્યક્રમ યોજાશે.

# કરાઈ ગામની ૨૩ વર્ષીય પરિણીતાએ કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું

ગાંધીનગર, તા.૧૯

ડભોડા નજીક આવેલી કરાઈ નર્મદા કેનાલમાં આજે સવારે કરાઈ ગામની પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર પડતું મુકી મોતને વ્હાલુ કરી દેતા ચકચાર મચી જવા પામી છે. ૨૩ વર્ષીય પરિણીતાને બહાર કઢાવી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી પરંતુ તેણીનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.



મળતી માહિતી મુજબ કરાઈ ગામમાં રહેતી ૨૩ વર્ષીય પરિણીતા અનિતાબેન સંજયસિંહ રાઠોડ આજે સવારે ઘરેથી ચારો લેવા નીકળી હતી. ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલ પાસે પહોચી ત્યારે અચાનક તેણીએ દાતરડું કેનાલ બહાર મુકીને કેનાલમાં પડતું મુકી દીધું હતું. ગ્રામજનો પૈકી કોઈનું ધ્યાન પડતા તેણીના પરિવારજનોને બોલાવી લીધા હતા. તાત્કાલીક તેણીને કેનાલમાંથી બહાર કાઢી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી પરંતુ ત્યાં સુધીમાં તેણીનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી ડભોડા પોલીસને ઘટનાની જાણ કરાતા પોલીસ સિવિલ પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત કરવા પાછળનું રહસ્યમય કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# વલાદ પાસે ડમ્પરની ટકકરે રિક્ષા પલ્ટી મારી જતા એકનું મૃત્યુ

## પડોશીના દિકરાને દવાખાને નિદાન કરાવીને રિક્ષામાં પરત આવતી વખતે અકસ્માત નડયો : બિમાર થયેલો દિકરો અને તેની માતા તથા રિક્ષા ડ્રાઈવર ઘાયલ : સાથે આવેલી પડોશી મહિલાનું સ્થળ પર મૃત્યુ

ગાંધીનગર, તા.૧૯

લીંબડીયા ગામમાંથી માતા તેના બિમાર પડેલા દિકરાનો લઈનો રિક્ષામાં દવાખાનો જતી હતી. પડોશમાં રહેતી મહિલા પણ રિક્ષામાં તેણીની સાથે ગઈ હતી. વલાદ દવાખાનેથી પરત રિક્ષામાં ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે ગઈ સાંજે ડમ્પરની ટકકર વાગતા રિક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેમાં દવા લેવા સાથે ગયેલી મહિલાનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું.જયારે બિમાર દિકરો, તેની માતા અને રિક્ષા ચાલક ઘાયલ થયા હતા. ડભોડા પોલીસે રિક્ષા ચાલકની ફરિયાદ આધારે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

લીંબડીયા રહેતા ઈલાબોન સુરેશજી ઠાકોર તોમના દિકરાનો લઈનો દવાખાને જવાતા હતા પડોશી ભારતીબોન પ્રભાતજી ઠાકોર પણ ઈલાબોનના સાથે જવા તૌયાર થયા અનો મનુજી કાળાજી સોલંકીની રિક્ષા કરીને વલાદ દવાખાને ગયા હતા. ગઈ સાંજે દવાખાનોથી રિક્ષામાં તેઓ પરત ફરી રહ્યા હતા ત્યારે વલાદ ફુલપરાના પરા પરથી હાઈવે પર રિક્ષા ચઢી રહી હતી તે દરમિયાન ધસમસતી આવતી જીજે ૧૮ એ ઝેડ ૫૦૫૦ નંબરના ડમ્પરે રિક્ષાનો જબરદસ્ત ટકકર મારી હતી. ડમ્પરની ટકકરથી રિક્ષા પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ૩૦ વર્ષીય ભારતીબેન પ્રભાતજી ઠાકોરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. જયારે ઈલાબોન અનો તેમના દિકરા ઉપરાંત રિક્ષા ચાલક મનુજીને ઈજાઓ થવા પામી હતી. ડભોડા પોલીસે મનુજીની ફરિયાદ આધારે ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## ચંદ્રાલાનો યુવાન ૧૭ વર્ષની સગીરાને ભગાડી ગયો

ગાંધીનગર, તા.૧૯

ચિલોડા નજીકના એક ગામમાંથી ૧૭ વર્ષની સગીરાને ચંદ્રાલા ગામનો એક યુવાન લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. સગીરાના પિતાની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ચંદ્રાલાના શખ્સ સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ૧૪મેના મોડી રાત્રે ચંદ્રાલા ગામમાં રહેતો જગદીશ કડવાજી ઠાકોર ચિલોડા નજીકના એક ગામમાં રહેતી ૧૭ વર્ષીય સગીરાને છાલી રોડ તરફથી ભગાડી ગયો હતો. સગીરાના પરિવારજનોએ શોધખોળ કરી પરંતુ કયાંયથી સગડ ન મળતા આખરે ચિલોડા પોલીસ સ્ટેશનમાં જગદીશ ઠાકોર સામે ફરિયાદ નોંધાવી છે. દિકરીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી-ફોસલાવીને જગદીશ ભગાડી ગયો હોવાની ફરયાદ મળતા ચિલોડા પીઆઈ એલ.ડી. વાઘેલાએ જગદીશ સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ શરુ કરી છે.

# હેપ્પી યૂથ કલબ પ્રેરીત મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

## હેપ્પી યૂથ કલબ દ્વારા તૃતીય સ્થાપના દિને કડવા પાટીદાર સમાજ અને રાજસ્થાન હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજિત હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૨૦૦ જેટલા નાગરિકોએ લાભ લીધો : સાથે બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યૂથ કલબના ત્રીજા વર્ષમાં પ્રવેશ પ્રસંગે કડવા પાટીદાર સમાજના સંયુક્ત ઉપક્રમે રાજસ્થાન હોસ્પિટલના સહયોગથી આયોજિત "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ"માં આશરે ૨૦૦ જેટલા નાગરિકોએ તેમના હેલ્થનું ચેકઅપ કરાવ્યુ હતું. આ સાથે ઈંડિયન રેડ ક્રોસ સોસાયટી ગાંધીનગર ના સહયોગથી યોજાયેલ "હેપ્પી રકતદાન શિબિર"માં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ આરોગ્ય વિષયક કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલ, કોર્પોરેટર્સ પાયલબેન મેણાત, હિરલબેન જોશી, રાકેશભાઈ પટેલ, હર્ષાબા ધાંધલ, નીલાબેન શુક્લ તથા અગ્રણીઓ જીલુભા ધાંધલ, ઉર્પલભાઈ જોશી, વિનોદભાઈ મેણાત, સુકેતુ મેહતા, જયેન્દ્રભાઈ પરીખ, કડવા પાટીદાર અગ્રણીઓ ભોળાભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.



આજના યુગમાં આરોગ્ય સંબંધિત સેવાઓ ખૂબ મોંઘી થતી જાય છે જેના કારણે સામાન્ય વર્ગનો નાગરિક ખૂબ પરેશાની ભોગવે છે. હેપ્પી યૂથ કલબ આયોજિત "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ"માં અમદાવાદની ખ્યાતનામ રાજસ્થાન હોસ્પિટલના નિષ્ણાત અને સુપર સ્પેશિયાલિસ્ટ તબીબોની ટીમ દ્વારા કેમ્પના લાભાર્થીઓને હૃદયને લગતી બીમારી, હાડકાંને લગતા રોગો, પેટ, આંતરડા અને લીવરની બીમારી તેમજ તેને સંબંધિત તકલીફો, મગજ, કરોડરજ્જુ અને મણકાના રોગો ઉપરાંત નાક, કાન, ગળાના રોગોની તપાસ વિના મૂલ્યે કરી આપવામાં આવી હતી. આ સાથે કેમ્પના લાભાર્થીઓને ઈસીજી, બ્લડસુગર વગેરે ટેસ્ટ પણ સ્થળ પર વિના મૂલ્યે કરી આપવામાં આવ્યા હતા. આ "ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ"માં રાજસ્થાન હોસ્પિટલના હૃદય રોગના નિષ્ણાત ડો. તરૂણ દવે, મગજ-કરોડરજ્જુ અને મણકાના નિષ્ણાત ડો. કૈરવ શાહ, પેટ-લીવર તેમજ આંતરડાના કેન્સર નિષ્ણાત ડો. નયન પંચોટિયા, હાડકાના રોગો તથા જોઈન્ટ રિપ્લેસમેંટ નિષ્ણાત ડો. કાંતિલાલ જૈન અને કાન-નાક-ગળાના નિષ્ણાત ડો. સુનિલ શર્મા સહિત તેમની સહયોગી ટીમ દર્દીઓને જરૂરી સેવાઓ પૂરી પાડી હતી. સમગ્ર હેલ્થ ચેકઅપ કેમ્પમાં રાજસ્થાન હોસ્પિટલના માર્કેટિંગ અધિકારી હિરેન પ્રજાપતિએ સંચાલનની જવાબદારી ઉઠાવી હતી. બ્લડ ડોનેશન કેમ્પના આયોજન માટે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમે સેવાઓ પૂરી પાડી હતી. બ્લડ ડોનેશન કેમ્પમાં મહિલા કોર્પોરેટર્સ હર્ષાબા ધાંધલ તેમજ નીલાબેન શુક્લ સહિત યુવાનોએ ઉત્સાહપૂર્વક રકતદાન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમને હેપ્પી યૂથ કલબના યુવા સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

## સર્વોદય ફાઉન્ડેશને જુસિકાને નનામી દાન કરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં કાર્યરત સર્વોદય ફાઉન્ડેશન દ્વારા જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરને અંતિમવિધિ સેવાર્થે એક સ્ટેનલેસ સ્ટીલ નનામી આપવામાં આવી હતી. સર્વોદય ફાઉન્ડેશનના આ સેવા કાર્ય બદલ જુસીકાએ તમામ સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. દરજી વિમળાબા વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. જશીબેન ભેરાજી વણઝારા, ઉ.વ. ૯૫
- સ્વ. જયશ્રીબેન રવજીભાઈ ભીલ, ઉ.વ. ૧૪
- સ્વ. જેસંગજી ભૈજીજી ઠાકોર, ઉ.વ. ૬૦